# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com,  Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

**જૂન - ઑગસ્ટ - ૨૦૧૭**

## દર્શન વિધાન

**''ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા.''**

## સેવાકાર્યો

- ★ **રેડિયો પ્રસારણ (ગુજરાતી અને હિન્દી)**
- ★ **પધ્ધતિસરનું ફોલોઅપ**
- ★ **શિષ્યપણાની તાલીમ**
- ★ **યુગલ સમૃદ્ધિ શિક્ષણ**
- ★ **નારી જીવન સંચાર**

## સેવાકાર્ય વિધાન

- ★ **જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.**
- ★ **જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.**

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

આપ સર્વને જીવન સંદેશ તરફથી પ્રભુ ઈસુના મધુર નામમાં પ્રેમી કુશળતા. જીવન સંદેશની સેવાને આપ સતત પ્રાર્થનામાં ધરી રાખો છો માટે તમારો ખૂબ જ આભાર. આપના તરફથી મળેલ ઉદાર દાન માટે ઈશ્વર પિતાનો આભાર માનીએ છીએ. સ્વૈચ્છિક સેવા આપતા ભાઈ બહેનોના સાથ સહકાર માટે આભાર. પ્રભુ ઈસુમાં કરેલી સેવા સાર્થક નીવડે છે. પ્રભુ ઈસુ આપ સર્વને આશિષ આપો એ જ અમારી આશા છે.

આપણે દરરોજ સવારે ઊઠીએ છીએ. પોત પોતાના કાર્યમાં, નોકરીમાં વ્યસ્ત થઈ જઈએ છીએ, ને સાંજે પાછા ઘરે આવીએ છીએ. બાળકોને ભણવામાં મદદ કરીએ છીએ. સાંજનું ભોજન બનાવીએ છીએ ને સાથે જમીએ છીએ. આ પ્રમાણેનો ક્રમ ચાલતો જ આવે છે. પ્રેરિત પીતર, ૨ પીતર ૩:૩-૪માં કહે છે કે, ''છેલ્લા સમયમાં ઠઠ્ઠા કરનારા આવશે... અને કહેશે કે તેના આગમનના વચનનું શું થયું છે ? કેમ કે પૂર્વજો ઊંઘી ગયા ત્યારથી ઉત્પત્તિના આરંભમાં સઘળું જેવું હતું તેવું જ રહે છે.'' તેમના આગમનનું શું થયું ? ક્યારે આવશે ? વરસો વરસ વીતી ગયા પણ તેમાનું બીજું આગમન થયું નથી. પીતર આગળ ૧૦-૧૪ કલમોમાં લખે છે, ''પણ જેમ ચોર આવે છે તેમ પ્રભુનો દિવસ આવશે... આપણે તેનાં વચન પ્રમાણે નવા આકાશ તથા નવી પૃથ્વી જેમાં ન્યાયીપણું વસે છે તેની વાટ જોઈએ છીએ.'' ★ વિશ્વાસ રાખીને પ્રભુ ઈસુના ફરી પાછા આવવાની આતુરતાથી આપેક્ષા રાખવી. પીતર ૫-૭ કલમોમાં આપણને યાદ દેવડાવે છે ભૂતકાળમાં થયું છે તો તેમનાં વચન પ્રમાણે તેમના સમયમાં જરૂરથી થશે જ. ''દેવના શબ્દે કરીને આકાશો પ્રથમથી હતા અને પૃથ્વી પાણીથી તથા પાણીમાં બાંધેલી હતી. તેથી તે વેળાનું જગત પાણીમાં ડૂબીને નાશ પામ્યું.'' અને એ પ્રમાણે ભૂતકાળમાં થયું હોય તો આ આકાશ ને પૃથ્વીને માટે થશે જે પ્રમાણે લખવામાં આવ્યું છે. ''પણ હમણાંના આકાશ તથા પૃથ્વી તે જ શબ્દથી ન્યાયકાળ તથા અધર્મી માણસોના નાશના દિવસ સુધી રાખી મૂકેલા છતાં બાળવાને સારૂં તૈયાર રાખેલાં છે.''

આજે વિશ્વ વ્યાપી આર્થિક, રાજકીય, ધાર્મિક, સામાજીક પરિસ્થિતિ બદલાતી રહી છે. જે જોયું નથી, સાંભળ્યું નથી એવું જોવા, સાંભળવા મળે છે ને આપણે કહીએ છીએ કે દુનિયાનો અંત નજીક છે. ઈસુનું ફરી પાછા આવવાનું સાવ નજીક છે, પણ શું થયું ? પીતર એક વાત ભૂલ નહિ જવા વિશે કહે છે ''પ્રભુની નજરમાં એક દિવસ હજાર વરસોના જેવો અને હજાર વરસો એક દિવસના જેવાં છે. વિલંબનો જેવો અર્થ કેટલાએક કરે છે તેમ પ્રભુ પિતાના વચન સંબંધી વિલંબ કરતો નથી. પણ કોઈના નાશ ન થાય પણ સઘળાં પશ્ચાતાપ કરે એવું ઈચ્છીને પ્રભુ તમારે વિશે ધીરજ રાખે છે.''

હજાર વર્ષો એક દિવસના જેવા થાય તે તો સમજાય પણ એક દિવસ હજાર વરસોના જેવા થાય તે તો મર્મ કહેવાય. આપણને સમય, જગ્યાનું બંધન નડે છે પણ ઈશ્વર માટે તે પ્રમાણે નથી. તે તો સમય અને જગ્યાતી પર છે, બહાર છે. તેમના માટે સમય સરખો છે. કેમકે તે સમયની બહાર છે. તેમણે તે બનાવ્યો છે. વિલંબ કરે છે એટલે તે ધીમા નથી. તેમને માટે ધીમા કે ઝડપી એ તેમને લાગતું નથી પણ હકીકતમાં કોઈનો નાશ ન થાય માટે તે ધીરજ રાખે છે.

**''ખ્રિસ્તના પાછા આવવાની નિશ્ચિત હકીકત અને તેમના પાછા આવવાના સમયની અનિશ્ચિત હકીકતને જો સાથે જોડવામાં આવે તો તે આપણને પવિત્ર આચરણ અને મિશનના કાર્યમાં સક્રિય બનવાનું ઉત્તેજન આપે છે.''**

જો આ પ્રમાણે છે તો આપણે ઈશ્વરનું વચન જે જે કહ્યું છે તે તે આપણે કરવાનું રહેશે.

★ પવિત્ર આચરણ તથા ભક્તિભાવમાં વૃદ્ધિ પામવી જોઈએ.

''એ માટે વહાલાઓએ એની વાટ જોઈને તમે તેની નજરે નિષ્કલંક તથા નિર્દોષ થઈને

શાંતિમાં રહેવાને યત્ન કરો. આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તની કૃપામાં તથા જ્ઞાનમાં તમે વધતા જાઓ.'' (૨ પીતર ૩:૧૪-૧૮).

''હમણાં તમારે ઊંઘમાંથી ઊઠવાની વેળા આવી ચૂકી છે.... આપણે અંધકારના કામો તજી દઈને પ્રકાશના હથિયારો સજીએ.... તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પહેરી લો અને દેહને માટે એટલે તેની દુષ્ટ વાસનાઓને અર્થે ચિંતન ન કરો.'' (રોમનો ૧૩:૧૧-૧૪).

''અને પ્રેમ રાખવાને તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે માટે આપણે એકબીજાનો વિચાર કરીએ. જેમ કેટલાંક કરે છે તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મૂકીએ પણ આપણે એકબીજાને ઉત્તેજન આપીએ અને જેમ જેમ તમે તે ડહાડો પાસે આવતો જુઓ તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો.'' (હિબ્રૂ.૧૦:૨૪-૨૫).

પ્રભુ ઈસુએ કહ્યું : ''હું થોડીવારમાં આવું છું. આમેન, હે પ્રભુ ઈસું આવ.''

આપ સર્વની અવિરત પ્રાર્થનાઓ, ઉદાર દાનો તથા સતત ઉત્તેજન, સાથ-સહકાર માટે અમે હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ અને તે માટે ત્રિએક ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.

**- ડેવિડ ક્રિશ્ચિયન**

## રેડિયો પ્રસારણ સેવા

જીવન સંદેશ પ્રસારણ સેવા અવિરતપણે ચાલું રહી છે માટે ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ. ઈશ્વરનું વચન અદ્‌ભૂત ખાતરી આપે છે. ''તારી કૃપા આકાશ કરતાં મોટી છે અને તારી સત્યતા વાદળાં સુધી પહોંચે છે.'' (ગી.શા.૧૦૮:૪). ઈશ્વરે તેમની કૃપા જીવન સંદેશ પર વિશાળ કરી છે. પ્રભુએ પોતાનાં લોકો દ્વારા નાણાંનો ટેકો પૂરો પાડ્યો છે. સ્વૈચ્છિક ભાઈ-બહેનો પોતાનો મૂલ્યવાન સમય, પોતાના તાલંત રેડિયો સેવાને માટે આપે છે. તેઓ એકમેકના થઈને જીવન સંદેશની સેવાને ધબકતી ને ધપતી રાખે છે. આ સેવા માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

## ફોલોઅપ સેવા

વર્ષ દરમ્યાન પ્રભુના વચનો દ્વારા પત્રમિત્રોને ઉત્તેજન, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપીએ છીએ. ફોન દ્વારા વાતચીત કરવામાં આવે છે. જેમાં પ્રભુ સહાય અને મદદ કરે છે તે માટે ઈશ્વરનો ખૂબ જ આભાર. પત્રમિત્રોને નીચેના વિષયો સંબંધી પત્ર દ્વારા ગુજરાતી અને હિન્દી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે.

- પાપની હકીકત, પાપ, પાપનો દંડ, પાપનો દંડ ભરપાઈ કરવો, પ્રભુ ઈસુએ પાપનો દંડ ભરપાઈ કર્યો, મુક્તિની મફત ભેટ, નિર્ણય.
- આ પત્રોની સાથે ઉદ્ધારક ઈસુ રાજુનું હૃદય, સુવાર્તાઓ, કારણ, સાત ખતરનાક પાપમાંથી છૂટકારો, પરમેશ્વરની શોધ વગેરે પુસ્તકો વાંચન માટે મોકલી આપવામાં આવે છે.
- અભ્યાસક્રમો : નિર્ણય ૧ અને ૨, યોહાનની સુવાર્તાનો અભ્યાસ ૪૨ પાઠ, ખાતરી ૧ થી ૫ પાઠ. નવજીવનની વાટે ૧૪ પાઠ, વિચાર ૧ થી ૯.

પત્ર વ્યવહાર દ્વારા સાહિક્તય દ્વારા અભ્યાસક્રમો આપવામાં આવે છે. પત્રમિત્રને તેનાં વિશ્વાસમાં દૃઢ કરે છે તથા ઈશ્વરના વચનના પ્રકાશમાં જડ ઘાલેલા અને સ્થપાયેલા બનાવે છે.

**પ્રાર્થના કરશો :**

પત્ર વ્યવહાર દ્વારા મોકલવામાં આવતાં પુસ્તકો અને પત્રો શ્રોતામિત્રોને સમયસર મળી રહે જેથી પત્રવ્યવહાર વધુ અસરકારક બની શકે.



## ૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ

તા.૧૭ નવેમ્બર ૨૦૧૬ થી દર સોમવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમ્યાન ૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ જીવન સંદેશ સ્ટુડિયોમાં શરૂ કરવામાં આવ્યો. જેમાં ૧૫ વ્યક્તિઓએ રસપૂર્વક નિયમિતરૂપે ભાગ લઈ રહ્યાં છે. ૨:૭ શ્રેણીના અભ્યાસનું બીજું પુસ્તક ''ઈશ્વરના કુટુંબમાં તમારાં મૂળને સુદૃઢ કરવા'' શરૂ કરવામાં આવ્યું. આપ ભાગ લઈ રહેલ વ્યક્તિઓ માટે પ્રાર્થના કરશો કે તેઓ વ્યક્તિગત રીતે વૃદ્ધિ પામે ને તેની અસર આમ સમાજ પર પડે.

## નારી જીવન સંચાર સેવા

### -: યંગ ગર્લ્સ રીટ્રીટ :-

નારી જીવન સંચાર સેવા દ્વારા તા.૧૮-૭-૨૦૧૭ ના રોજ જુવાન છોકરીઓ (ઉંમર ૧૨-૨૫) માટે એક રીટ્રીટનું આયોજન બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરવામાં આવ્યું. આ રીટ્રીટમાં શ્રીમતી કેરલ અંકિત હેરીએ પ્રભુના વચનોમાંથી ૧ તિમોથી ૪:૧૨ ''તને જુવાન જાણીને કોઈ તારો તુચ્છકાર ન કરે પણ વચનમાં, વર્તનમાં, પ્રીતિમાં, વિશ્વાસમાં અને પવિત્રતામાં તું વિશ્વાસીઓને નમૂનારૂપ થજે.'' ખૂબ વ્યવહારૂ શિક્ષણ આપ્યું. શ્રીમતી ઈવા જેરેમી ક્રિશ્ચિયન અને કુમારી વેનીશા ક્રિશ્ચિયને રમત, પ્રશ્નોત્તરી અને વીડીયો દ્વારા શિક્ષણ આપ્યું. જે ખૂબ જ અસરકારક રહ્યું.

આ રીટ્રીટમાં ૪૦(+) છોકરીઓએ ભાગ લીધો હતો. ઘણી છોકરીઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો જે નોંધનીય છે.

''આજના દિવસમાં મને એ શીખવા મળ્યું છે કે પ્રભુને જીવન સોંપવું જોઈએ. યુવાવસ્થા દરમ્યાન ઘણી બાબતોનું ધ્યાન રાખવું જોઈએ કે આપણે કોઈ ખરાબ રસ્તે ન જઈએ. આપણા ગુસ્સા પર કાબૂ રાખવો જોઈએ. આપણા બોલવામાં, વર્તનમાં, વ્યવહારમાં આપણે ધ્યાન રાખવું જોઈએ કે જેથી બીજાને સાક્ષીરૂપ બની શકીએ.''

''આ રીટ્રીટમાં ભાગ લેવાથી મને આનંદ થયો ને પ્રભુના વચનો મારફતે જીવનમાં શીખવા મળ્યું. હું નિર્ણય કરું છું કે, હું ખ્રિસ્ત કેન્દ્રીત જીવન જીવીશ ને જે કાંઈ કરું તેમાં ઈસ્વરને માન અને મહિમા આપીશ.''

''આ રીટ્રીટમાં ભાગ લેવાથી મારી વિચારસરણી બદલાઈ ગઈ છે. પ્રભુ ઈસુને અનુસરીને તેમને પસંદ પડતું જીવન જીવીશ. મને ઘણું નવું જાણવા મળ્યું કે જે મને ચોક્કસ મદદરૂપ નીવડશે.''

ઈશ્વરપિતાએ આ રીટ્રીટને સફળ બનાવી તે માટે તેમનો ખૂબ જ આભાર.






## -: મહિલા રીટ્રીટ :-

જીવનસંદેશ મીનીસ્ટ્રીઝના નારી જીવન સંચાર સેવા દ્વારા બહેનો માટે એક દિવસીય રીટ્રીટનું આયોજન ૨૩ જુલાઈ ૨૦૧૭ રવિવારે બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરવામાં આવ્યું. આ રીટ્રીટમાં શ્રીમતી રેવ. સ્મિતાબેન રોઝિયાએ બહુ જ હૃદયસ્પર્શી સંદેશાઓ આપીને બહેનોને પ્રભુના વચનો દ્વારા ઉત્તેજન આપ્યું. આ રીટ્રીટમાં શ્રીમતી અનુપમાબેન ક્રિશ્ચિયને બહેનો Creativity માં આગળ વધે તે માટે ઉત્તેજન આપ્યું. શ્રીમતી ઈવાબેન જેરેમી ક્રિશ્ચિયને બહેનોને ગેઈમ રમાડી બપોરના સમયને આનંદમય કર્યો હતો. આ રીટ્રીટમાં ૧૭૦ બહેનોએ ભાગ લીધો. આ સર્વ માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ.






## -: માર્કની સુવાર્તાની લેખિત સ્પર્ધા :-

બહેનોને ઉત્તેજન અને વચનમાં મજબૂત થવાના હેતુસર જીવનસંદેશના ‘‘નારી જીવન સંચાર’’ સેવા દ્વારા ‘‘માર્કની સુવાર્તાની લેખિત સ્પર્ધા’’નું આયોજન ૨૦ ઑગસ્ટ રવિવાર બપોરે ૨:૦૦ થી ૪:૦૦ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરવામાં આવ્યું. જેમાં ૬૦ બહેનોએ ભાગ લીધો. આ માટે પ્રભુની સ્તુતિ થાઓ.





## AWF લીડર્સની મુલાકાત

૧૮મી જુલાઈ અલાયન્સ ચર્ચ ફેલોશીપના આગેવાનોએ જીવનસંદેશ ઓફિસમાં મુલાકાતે આવ્યા. **AWF** ના નવા પ્રેસિડન્ટ ડૉ. રેવ. જુરા અને એશિયા પેસિફિકના કો. ઓર્ડિનેટર રેવ. રોલેન્ડ લુમાવા જીવનસંદેશ સ્ટાફને બોર્ડ મેમ્બર્સ સાથે મુલાકાત થઈ. જેમાં જીવન સંદેશ વિશેની વિગતવાર માહિતી શ્રી મધુભાઈ ક્રિશ્ચિયને આપી. જીવનસંદેશની સેવા કઈ રીતે અસરકારક થઈ શકે તે માટે વિચારોની આપ-લે થઈ જે બહુ જ અગત્યની સાબિત થઈ. રાત્રે ૮:૦૦ કલાકે જીવન સંદેશ બોર્ડ, સોસાયટી, વોલન્ટીયર્સ કુટુંબ સાથે તથા બેઉલાહ અલાયન્સની ચર્ચ કમિટી કુટુંબ સાથે આમંત્રણ આપવામાં આવ્યું. જેમ ડૉ. રેવ. જુરા દ્વારા ઉત્તેજનદાયક ને પડકારયુક્ત સંદેશ આપવામાં આવ્યો તેમજ રેવ. રોલેન્ડ લુમાવાએ પણ ઉત્તેજનના શબ્દો કહ્યાં. છેલ્લે ભોજન લઈ છૂટા પડ્યા. આ સર્વ માટે પ્રભુપિતાનો ખૂબ જ આભાર માનીએ છીએ.



## આભાર માનીએ.....

૧. જીવન સંદેશના ગુજરાતી ફોલોઅપના કાર્ય માટે પ્રભુએ શ્રી સીરીલભાઈ ક્રિશ્ચિયનને જ્ઞાન અને ડહાપણ પૂરાં પાડ્યાં માટે.
૨. ૨:૭ શ્રેણીના પુસ્તકનો ક્લાસ દર સોમવારે જીવનસંદેશ સ્ટુડિયોમાં મળે છે માટે.
૩. કાર્મેલ મેથોડિસ્ટ મંડળીએ જીવનસંદેશને યુગલોને શિક્ષણ આપવા માટે તક આપી. શ્રી મધુભાઈ દર મંગળવારે યુગલોને શિક્ષણ આપે છે તે માટે.
૪. જીવન સંદેશના એકાઉન્ટના કાર્યમાં શ્રી ઈનોકભાઈને જ્ઞાન અને ડહાપણ આપ્યા.
૫. મંડળીઓ અને સંસ્થાઓમાં જીવનસંદેશ સ્ટાફને પ્રભુના વચનો શીખવવાની તક મળી માટે.
૬. નારી સંચાર સેવા દ્વારા યંગ રીટ્રીટ કરી શક્યા માટે.
૭. જીવનસંદેશ Online Radio App. Launch કરવામાં આવી માટે.
૮. જીવન સંદેશ ઓફિસ આસિસ્ટંટ માટે શ્રી રોની મળી શક્યા માટે.

## “Jivan Sandesh Online Radio”




પ્રભુમાં વહાલા ભાઈઓ અને બહેનો અમને જણાવતાં આનંદ થાય છે કે જીવન સંદેશ એની રેડિયો સેવાના ૫૫ વર્ષમાં પ્રવેશ કર્યું રહ્યું છે માટે માન મહિમા ગૌરવ પ્રભુને આપીએ છીએ. અમને જણાવતાં આનંદ થાય છે કે અત્યારનો સમય ટેકનોલોજીથી ભરપૂર છે ત્યારે આ ટેકનોલોજીનો ઉપયોગ કરવા પ્રભુએ જીવન સંદેશ સેવાને નવું પગથીયું આપ્યું છે અને એ છે “Jivan Sandesh Online Radio”.

આપનો જણાવતાં આનંદ થાય છે કે જીવન સંદેશ ઓન લાઈન રેડિયો દ્વારા ઈન્ટરનેટની મદદથી ૨૪ કલાક સાંભળી શકો છો. આ રેડિયો સેવા માટે આપના સ્માર્ટ ફોનમાં ગુગલ પ્લેમાં જઈને જીવન સંદેશ ઓનલાઈન રેડિયો લખશો એટલે જીવન સંદેશના સિમ્બોલ સાથે એપ્લીકેશન દેખાશે આ એપ્લીકેશનને ડાઉનલોડ કરવાથી આપ જીવન સંદેશ ઓનલાઈન રેડિયો સેવાનો લાભ લઈ શકો છો.
આ એપ્લીકેશનમાં જુદા જુદા ચિન્હો આપેલ છે જે નીચે મુજબ છે. સાથે ચિત્ર માં મુકેલ છે

૧. એપ્લીકેશનની બરોબર વચમાં પ્લે અને પોઝનું ચિન્હ છે.
૨. ઉપરની હરોળમાં પ્રથમ ચિન્હને અડકતાં જીવન સંદેશનું દર્શન, મિશન અને મધ્યસ્થ મૂલ્યો દેખાશે.
૩. બીજું ચિન્હ તે ફોન નું છે જે દ્વારા આપ ડાયરેક્ટ જીવન સંદેશના મોબાઈલ નંબર પર વોટ્સ અપ કે સાદા કોલ દ્વારા આપની પ્રાર્થના વિનંતી, પ્રસારણને લગતાપ્રશ્નો વગેરે જણાવી શકો છો.
૪. જો આપ ઈમેલ વાપરો છો તો ત્રીજા ચિન્હથી ડાયરેક્ટ ઈમેલ કરી શકો છો.
૫. ચોથા ચિન્હ દ્વારા આપ આ એપ્લીકેશન ને સ્ટાર રેન્ક આપી શકો છો.
૬. પાચમાં ચિન્હથી આપના મિત્રોને આ એપ્લીકેશન શેર કરી શકો છો.
૭. છઠ્ઠા ચિન્હથી એપ્લીકેશનની બહાર નીકળશો.

આ રેડિયો સેવામાં અત્યારે બે કલાક પ્રસારણ અને ગીતો અને બે કલાકના ફક્ત ગીતો આવશે જે આખો દિવસ રીપીટ થશે. અમને આશા છે આ સેવા દ્વારા આપણે ગુજરાત, ભારત અને સમગ્ર દુનિયા સુધી પહોંચી શકીશું

આ રેડિયો સેવાને સાંભળનારાઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. તા. ૧૯ ઓગષ્ટ થી ૪ સપ્ટેમ્બર સુધીમાં નીચે મુજબ સાંભળનારની માહિતી છે. જે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

| ગુજરાત | | ભારત | | આંતર રાષ્ટ્રિય | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | – ૮૭૯ | પુના | – ૫૫ | નેપાળ | – ૩ |
| ખેડા | – ૫૫ | દિલ્હી | – ૧૨ | યુ.એસ. | – ૧૫૪ |
| ભાવનગર | – ૩૧ | ઈન્દોર | – ૧૧ | કેનેડા | – ૫૦ |
| વડોદરા | – ૨૪ | ગોરેગાંવ | – ૮ | ન્યુઝીલેન્ડ | – ૨૩ |
| જામનગર | – ૧૭ | કલકત્તા | – ૬ | યુ.કે. | – ૧૬ |
| નડિયાદ | – ૧૬ | નોયડા | – ૪ | ઓસ્ટ્રેલીયા | – ૯ |
| જલાલપુર | – ૧૫ | સેલવાસા | – ૩ | ઈઝરાએલ | – ૯ |
| રાજુલા | – ૧૩ | બેંગુલુરુ | – ૩ | ચાઈના | – ૬ |



| | | | | | |
|---|---|---|---|---|---|
| અનંતપુર | – ૧૧ | ભોપાલ | – ૨ | યુનાઈટે આર એમિરેટ્સ | – ૫ |
| રાજકોટ | – ૬ | ન્યુ દિલ્હી | – ૨ | ફિલીપાઈન્સ | – ૩ |
| ગાંધીનગર | – ૧૨ | ઔરંગાબાદ | – ૨ | સાઉદ એરેબિયા | – ૧ |
| બારડોલી | – ૪ | કોહલા પુર | – ૨ | કેનિયા | – ૧ |
| ભરૂચ | – ૪ | નેપાળ બોર્ડર | – ૯ | આયર્લેન્ડ | – ૧ |
| આણંદ | – ૩ | | | | |
| અમરેલી | – ૩ | | | | |
| સુરેન્દ્રનગર | – ૪ | | | | |
| પાલીતાણા | – ૨ | | | | |
| અંકલેશ્વર | – ૨ | | | | |
| અન્ય | – ૮ | | | | |

આ ઉપરાંત આપ જીવન સંદેશ ની વેબ સાઈટ “www. jivansandesh.org” પર પણ આ રેડિયો સેવાનો લાભ લઈ શકો છો. આઈ ફોન માટેની એપ્લીકેશનું કાર્ય ચાલુ છે જે આવતા દિવસોમાં આઈફોનમાં પણ ડાઉનલોડ થઈ શકશે. હાલ ગુજરાતી પ્રસારણો આવી રહ્યા છે ભવિષ્યમાં હિન્દી પ્રસારણો પણ આવશે પ્રાર્થના કરશો.

## “એકલા પણ એકલવાયા નહીં”

જીવનસંદેશની નારી જીવન સંચાર સેવા દ્વારા કોઈપણ કારણસર એકલવાયુ જીવન જીવતી બહેનો માટે એક દિવસની રીટ્રીટ ‘‘એકલા પણ એકલવાયા નહીં’’નું તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રવિવારના રોજ ૧૧:૩૦ થી ૪:૩૦ બેઉલાહ અલાયન્સ ચર્ચ ખાતે રાખેલ છે. આ રીટ્રીટના મુખ્ય વક્તા શ્રીમતી સરોજબેન માસ્ટર અને શ્રીમતી પર્લશીલાબેન અમીન છે. જે બહેનો આ રીટ્રીટમાં આવવા માગે છે તેઓએ જીવનસંદેશ ઓફિસ પર પોતાના નામ ફોનથી અથવા રૂબરૂ મળીને વ્યવસ્થાના ભાગરૂપે તા.૨૦ સપ્ટેમ્બર ૨૦૧૭ પહેલા નોંધાવવા વિનંતી છે.

## મુરબ્બી શ્રી લુક્યિસ પી. ક્રિશ્ચિયન



મુરબ્બી શ્રી લુકિયસ પી. ક્રિશ્ચિયન, જીવન સંદેશ સેવા સાથે ૫૪ વર્ષથી જોડાયેલ તેમજ જીવન સંદેશ સેવાના પાયામાં જેમનું યોગદાન હતું. જેમણે જીવન સંદેશ રેડિયો સેવા શરૂ કરવામાં રેવ. એલ્મર એન્ટઝની સાથે ખભે ખભા મિલાવી કાર્ય શરૂઆત કર્યા ત્યાર બાદ શરૂઆતમાં બાળકોના રેડિયો પ્રસારણમાં નિયમીત પોતાની સેવા આપી. જીવન સંદેશની રેડિયો સેવા દ્વારા મળતા પ્રતિભાવ વધતાં ફોલોઅપ કાર્યમાં પત્રમિત્રોને પત્ર લખવા અને તેમને ઉત્તેજન આપવું તે કાર્યમાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે જોડાયા. આમ જીવન સંદેશ સેવા સાથેનું તેમનું બલિદાન યુક્ત યોગદાન અમે ભૂલી શકતા નથી. જીવન સંદેશની સેવા માટે જીવનના અંત સુધી પ્રાર્થના દ્વારા અમૂલ્ય ટેકો પૂરો પાડ્યો છે તેથી અમે પ્રભુની સ્તુતિ કરીએ છીએ. આવા પ્રભુના સેવક તા. ૨ સપ્ટે. ૨૦૧૭ ના રોજ પ્રભુના સદાના વિસામામાં ઊંઘી ગયા છે. ત્યારે જીવન સંદેશ પરિવાર દુ:ખની લાગણી અનુભવી રહ્યું છે. અમને આશા છે એક દિવસ જરૂર મળીશું.